**<u>એડી. જ્યુડી. મેજીસ્ટ્રેટ ફસ્ટ ક્લાસ શ્રી આર. એચ. ચૌહાણ સાહેબશ્રીનાઓની કોર્ટમાં,ઉમરગામ</u>**

| | |
|---|---|
| | **CC/2416/2026** |
| | **EX- 7** |
| **Comp. :-** | **Government of Gujarat** |
| | **Vs** |
| **Accused :-** | **Satishbhai Janubhai Dhodi** |
| **Add-** | **Dhodipada, Patkar Faliyu, Ta Umbergaon Dist Valsad** |

**ગુન્હો:- ગુજરાત પ્રોહીબીશન એક્ટ, ૧૯૪૯ની કલમ - ૬૬(૧)બી,૮૫(૧) મુજબ...**

**-:: <u>ઠરાવ</u> ::-**

**(૧)** આ કામના આરોપી વિરૂધ્ધ ગુન્હાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી ચાર્જશીટમાં જણાવ્યા મુજબની તારીખે, સમયે અને સ્થળે વગર પાસ પરમીટે કેફી પીણુ/દારૂ પીધેલી હાલતમાં, લથડીયા ખાતો જાહેર રસ્તા ઉપરથી મળી આવી ગુજરાત પ્રોહિબીશન એક્ટ-૧૯૪૯ ની કલમ-૬૬(૧)બી,૮૫(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ નોંધાવેલ, જે અનુસંધાને ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**(૨)** આરોપી અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં વિનામુલ્યે ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે.

આરોપી સામે તહોમતનામું ફરમાવી,આરોપીની પ્લી રેકર્ડ કરતાં, આરોપી ધ્વારા પોતાની સામેના ગુન્હાનો સ્વેચ્છીક રીતે સ્વીકાર કરેલ છે. તેમજ અલાયદા કબુલાત પુરશીશ રજુ કરી સ્પષ્ટપણે ગુન્હાની કબુલાત કરેલ છે. આરોપીએ ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહીં કરવા ખાતરી આપેલ છે. તેમજ આર્થિક સ્થિતીને ધ્યાને લઇ ગરીબવર્ગના માણસ હોય દયા કરવા અરજ કરેલ છે.

**(૩)** નામદાર ગુજરાત હાઇકોર્ટના **<u>ગુજરાત સ્ટેટ વિરૂધ્ધ નટવરસીંહ હીરચંદજી ઠાકોર,૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯</u>**, ના ચુકાદામાં ઠરાવેલ લીગલ રેશીયોને ધ્યાને લીધો તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા વિવિધ ચુકાદાઓમાં ઠરાવેલ છે કે, કેસના સંજોગો, ગુન્હાની ગંભીરતા, પ્રમાણ તથા આરોપીની સ્થિતીને ધ્યાને લેતાં યોગ્ય કારણો હોય તો કાયદામાં પ્રવર્તમાન સજા કરતા ઓછી સજા કે ઓછો દંડ અદાલત કરી શકે છે .

કાયદાનો હેતુ માત્ર અને માત્ર ડીટેરેન્ટ નથી, પરંતુ સુધારાત્મક પણ છે જેથી આરોપીને સુધરવાની તક મળે તેમજ આરોપીની આર્થિક સ્થિતિ, સજાની જોગવાઇ વિગેરે સંજોગોને ધ્યાને લેતાં, આરોપીને નિયત સજા કરતાં ઓછી સજા કે ઓછો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ સરે તેમ હોવાનું અત્રેની અદાલતને માનવું હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: <u>આખરી હુકમ</u> ::-**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ ની કલમ–૨૬૪ અન્વયે, ગુજરાત પ્રોહિબીશન એક્ટની કલમ-૬૬(૧)બી,૮૫(૧) અન્વયેના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી **કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂપીયા ૩૦૦/- (અંકે રૂપીયા ત્રણસો પુરા)** નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો, આરોપીને દિન-૦૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Place :- UMBERGAON

Date :- 04/06/26

**(R.H.Chauhan)**
Additional Judicial Magistrate F.C.
Umbergaon
(G.J.01612)